સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

હાઈકુ

માખી બેઠી તો ય જાણે બૉંબ બેઠો, સૂનકારમાં -
છીંક-ખાંસી સિવાય છે બધું શાંત, સૂનકારમાં -
સૂનકારમાં કરે ખલેલ પંખીનો કલરવ -
ભટકે ભૂત, માત્ર વાયરલનું - સૂનકારમાં...

સંભળાય છે
માત્ર મૃત્યુનાં ગીત -
સૂનકારમાં...

બિચારા કેદી!
મળ્યા 'પેરોલ' - હવે -
ઘરમાં કેદ!

ચિંતન

આલસ્યં હિ મનુષ્યાણાં શરીરસ્થો મહારિપુઃ ।
નાસ્ત્યુદ્યમસમો બન્ધુઃ કૃત્વાયં નાવસીદતિ ॥

ઉપરોક્ત શ્લોક આત્મબિંદુ ગ્રંથમાંથી લેવામાં આવેલ છે.

આળસ નિજ શરીરે વસતું મનુષ્યનું મહાદુશ્મન

ઉદ્યમ સરખો ના કોઈ બંધુ કરે ન કદાપિ દુઃખ જન

માણસ જાતનો મોટામાં મોટો દુશ્મન પોતાના શરીરમાં રહેલું 'આળશ' છે એથી માણસ દુઃખી થાય છે જયારે શરીરમાં ઉદ્યમ હોય એવી વ્યક્તિ કદાપિ કોઈ વાતે દુઃખી થતી નથી.

જીવનમાં 'પછી', 'કાલે' જેવાં બહાનાં હેઠળ આપણે આળશને પોષણ આપીએ છીએ - ખરેખર તો આજ-આજ ભાઈ અત્યારેના સિદ્ધાંતથી કામ - તરત હાથ પર લેવું જોઈએ.

સુવિચાર

- મુકમ્મલ કહાં હુઈ, જિંદગી કિસી કો, આમદી કુછ ખોતા હી રહા કુછ પાને કો - **દીલનાઝ પટેલ**
- ઈશ્વર કેટલાકને બીજા કરતાં વધારે આપે છે, કારણ કે કેટલાક બીજા કરતાં વધારે સ્વીકારે છે - **ઓશો**
- આજ દિન સુધી હું કોઈ એવી આક્રમક વ્યક્તિને મળ્યો નથી જે ભયભીત ન હોય - **બી.એન. દસ્તૂર**
- જીવનમાં જોખમ વધે તેવી પ્રવૃત્તિ કરો. તેમાં થોડું જિજ્ઞાસાનું તત્ત્વ હલાવો, થોડું બાલિશ તોફાન ઉમેરો અને પોતાને વિજેતા તરીકે જુઓ - **માર્ટિન કોર્ટિસ**
- જીવન એ કંઈ સમસ્યા નથી કે જેનો હલ કાઢવાનો હોય, તે તો એક સાહસ છે જેને જીવવાનું છે જો તે પૂરો સાહસિક નહીં હોય, તો તે પુરો સુખી નહીં થાય - **રોબિન શર્મા**
- ક્ષમાની આદત વિશ્વના ઘા રૂઝવવાનું આપણું સૌથી મહત્ત્વનું પ્રદાન છે - **બોધિવૃક્ષ**
- આજનું ઔષધ : ચૂના સાથે મધ મેળવી પાંસળીઓ ઉપર લેપ કરવાથી પાંસળીનો દુઃખાવો મટે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

ઈટાલી મિલાનની શેરીમાંથી સંત જઈ રહ્યા હતા. એક હતા સંત ફ્રાંસિસ અને બીજા હતા માતેઓ. ભિક્ષામાં જે કંઈ થોડું ઘણું મળ્યું તે શહેરના છેડે આવેલી નદીના કાંઠે બેસી ખાવાની તૈયારી કરવા લાગ્યા. સંત ફ્રાંસિસે માતેઓને કહ્યું, 'વાહ ભાઈ, આજે તો આપણને સુંદર વાનગી ભિક્ષામાં મળી છે. આપણે ભગવાનનો પાડ માનીએ કે આજે આપણને મિજબાની કરવા મળે છે.' માતેઓને ગુસ્સો આવ્યો. 'આને શું તમે મિજબાની કહો છો ?' આ સુકી બ્રેડને તમે મિષ્ટાન કહો છો. મિજબાની તો એને કહેવાય કે સુંદર મજાનું ટેબલ હોય, બેસવા માટે સરસ ખુરશી હોય, ઠંડું પાણી હોય, કાચના સુંદર વાણસોમાં જમવાનું હોય, છરી કાંટો. આજુબાજુ નોકર હોય જે આપણને પીરસે, જમાડે તેને મિજબાની કહેવાય.' માતેઓએ પોતાની હૈયાવરાળ કાઢવા માંડી. સંત ફ્રાંસિસે કહ્યું, 'આપણી પાસે આ બધું જ છે, જુઓ આ ટેકરીની શિલાઓ કેટલી સુંદર છે, આ કૂણું ઘાસ આપણા ડાઈનીંગ ટેબલ છે... આ નદીનું સ્વચ્છ પાણી એ આપણું જળપાત્ર છે અને ઈશ્વરે આપણને હાથ-પગ આપ્યા છે તે આપણા સેવકો જ છે ને? અને આ આપણા આંગણા એ આપણાં છરીકાંટા છે. આથી વિશેષ મિજબાની કઈ હોય ?' લોકોના ઘરમાંથી આપણને રોજ નવી નવી વાનગી મળે છે. પીવા માટે પાણી મળે છે. આજે આપણે એને જ મિજબાની તરીકે સ્વીકારીએ. સંત ફ્રાંસિસની વાતો સાંભળી માતેઓ શાંત થયા. એને ખ્યાલ આવ્યો કે સંતનો સંતોષ પણ એ અખૂટ ખજાનો છે.

લૉકડાઉન લંબાવવા સિવાય આરો કે ઓવારો નથી

તંત્રીસ્થાનેથી...

સામાન્ય રીતે કોઈ ધંધા-વ્યવસાયને એકાદ દિવસ પૂરતો બંધ રાખવા પડે છે તો પણ લોકોને એ ગમતું નથી હોતું. મહાન નેતાઓના જન્મ કે મરણ પ્રસંગે પણ રજા નહીં રાખવી, કામકાજ ચાલુ રાખીને જ એવા કર્મઠ લોકનાયકોને સાચી શ્રદ્ધાંજલિ આપી ગણાય, એવી એક વિચારસરણી પણ જાણીતી છે. સવિશેષ પશ્ચિમના દેશોની પ્રગતિ આમ સતત કાર્યરત રહેવાને કારણે થઈ છે. પરંતુ દુનિયાના ઈતિહાસમાં કદાચ પહેલી જ વાર આખી માનવજાત ઘણા દિવસોથી કશા કામધંધા વગર ઘરમાં પુરાઈ રહી છે. ડિજિટલ કામગીરી ઘેર બેઠાં પણ જરૂર થઈ શકે છે - અને 'પોસ્ટ કોરોના પિરિયડ'માં કામ માટેનો આ નવો કન્સેપ્ટ દરેક દેશ વત્તા ઓછા અંશે અમલમાં મૂકશે તે નક્કી જ છે. પરંતુ પ્રોડકશન સાથે સંકળાયેલા કામગીરી તો ફેક્ટરીઓમાં જ કરવું પડે, એને ગમે તેટલા નાના નાના એકમોમાં વહેંચી દેવામાં આવે તો પણ એનું કેન્દ્રવર્તી સ્થાનક તો ચાલુ રાખવું જ પડે. ખેડૂત ઘેર બેઠાં પાક નહીં લઈ શકે. એને ખેતરના ખોળે જવું જ પડશે. ફિઝિશિયન એના દરદીને દૂર રહ્યાં રહ્યાં સારવાર આપી શકે, પરંતુ કેટલીક પ્રોસીજર તો હોસ્પિટલમાં જ થઈ શકે. દરદીના ઘરે જઈને મેજર સર્જરી નહીં કરી શકાય. આપણી ઐતિહાસિક પરંપરા ફીલ્ડ વર્કનો મહિમા કરે છે. આ બધું પોસ્ટ કોરોના કાળમાં સંપૂર્ણપણે બદલાઈ જશે એવું માની લેવાની જરૂર નથી. કામદારો બેકાર થઈ જાય તો આંદોલન કરશે. મજૂરી નહીં મળે ત્યારે નાછૂટકે શ્રમિક વર્ગ લૂંટફાટ અને ચોરીચપાટી પર ઊતરી પડશે. સવાલ પાપી પેટનો રહેવાનો. કોરોના સંકટ એવું ભયંકર હતું - હજી છે જ - કે એને શમાવવા લોકડાઉન સિવાય બીજો ઉપાય નહોતો. ઘણા બધાને સરકારનો આ નિર્ણય આકરો લાગ્યો હશે પરંતુ પ્રશ્ન 'જીવન' સાથે સંકળાયેલો હતો. મોદીએ ત્યારે 'જાન હૈ તો જહાન હૈ' વાળી કહેવત પણ કહી સંભળાવી હતી. પરંતુ આ નિર્ણયનાં આર્થિક દુષ્પરિણામો સામે આવતાં જોઈને એ પણ ડઘાઈ ગયા છે. દેશની ગરીબ વસતિ માટે રોજેરોજ કમાવું અનિવાર્ય છે. એ વગર એનો ચૂલો જ ન સળગે. એટલે લોકડાઉનની મોદી મર્યાદા સમાપ્ત થાય એ પહેલાં એમને રાજયોના મુખ્યમંત્રીઓ સાથે પરામર્શ કરવાનું યોગ્ય ગણ્યું. મોદી માટે સામૂહિક નિર્ણય એ તદ્દન નવો પ્રયોગ છે. પરંતુ આ પરિસ્થિતિમાં જાત પર જોખમ વહોરી લેવાનું એમને ઉચિત નથી લાગ્યું. આખા દેશને કોરાનાના જ્વાળામુખી પર બેસાડનારા કેજરીવાલ જેવા તો શરૂથી જ લોકડાઉન લંબાવવાની તરફેણ કરતા રહ્યા છે. દિલ્હી કોરોના ઈન્ફેકશનનું હોટ સ્પોટ છે. પંજાબના મુખ્યમંત્રી કૅપ્ટન અમરિંદરસિંહ, ઓડિશાના મુખ્યમંત્રી નવીન પટનાયક અને તેલંગાણાના મુખ્યમંત્રી ચંદ્રશેખર રાવે અગાઉથી જ પંદર દિવસ લોકડાઉન વધારવાનો નિર્ણય કરી લીધો હતો. મહારાષ્ટ્રમાં કોરોનાના સૌથી વધારે કેસ થયા છે અને હવે કોરોના ધારાવીની વિશાળ ઝૂંપડપટ્ટીમાં પહોંચ્યું છે. ઉદ્ધવ ઠાકરે માટે કોરોના એમની કારકિર્દીની સૌથી મોટી સમસ્યા બની રહેલ છે. એમણે લોકડાઉન લંબાવવાનો આગોતરો નિર્ણય વડાપ્રધાનને જણાવી દીધો છે. પશ્ચિમ બંગાળનાં મુખ્યમંત્રી મમતા બેનરજી સામાન્ય રીતે વડાપ્રધાન સામે બાખડતાં રહે છે, પરંતુ રાજયના હિતમાં એમને વડાપ્રધાનનો નિર્ણય આવકારવાલાયક લાગ્યો છે. પ્રશ્ન બેરોજગારીનો અને બીમારીનો છે. બેઉથી બચવા માટે વચલો રસ્તો શોધવા વડાપ્રધાન ઉજાગરા કરી રહ્યા છે. જાન ભી ભચે, જહાન ભી : કારણ કે એકલો જાન બચાવવા જતાં બે અઠવાડિયાં લોકડાઉન લંબાવવાથી કોરોના સંક્રમણની સાંકળ તોડી જ શકાશે, એવી ખાતરી તો ભાગ્યે જ કોઈ આપી શકશે. પરંતુ સંક્રમણ નિયંત્રણમાં જરૂર આવશે. આરોગ્ય સચિવ કહે છે એમ વેળાસર લોકડાઉનનો નિર્ણય કરવાથી અત્યાર લગી કોરોનાના લાખો કેસ થવાની શક્યતા હતી તેના પર તો કાબૂ મેળવી જ શકાયો છે. ખેડૂતો અને મજૂરો ઉપરાંત પ્રધાનો પણ કામ પર ચડવા આતુર છે. આખરે ઘરમાં ગોંધાઈ રહેવાનું તો ભિખારીથી લઈ ધનકુબેર સુધીની કોઈ પણ વ્યક્તિને ન જ ગમે - મજબૂરીનું નામ મહાત્મા છે, એ જુદી વાત છે!

લોકડાઉનમાં સાયબર ક્રાઈમમાં વધારો

કાયદો અને કાનૂન

અશ્વિન ત્રિવેદી

લોકડાઉનમાં કોમ્પ્યુટર અને ઈન્ટરનેટના વધુ પડતા ઉપયોગના કારણે વપરાશકારોની ભુલોનો લાભ ઉઠાવવા સાયબર ક્રિમીનલો ટાંપીને બેઠા હોય છે અને સતત સર્ફીંગ કરતા રહેતા હોય છે. સર્ફિંગ કરતા કરતા વિવિધ સાઈડો ઉપરથી પોતાની ગમતી ચીજો શોધવા પ્રયત્ન કરતા ઘણી ખરી વસ્તુઓ ડાઉનલોડ કરતા હોય છે અને ઘણુ બધુ સેવ કરતા હોય છે.

કોરોનાના કારણે સાયબર ક્રાઈમમાં વધારો થતો ગયો છે. ક્રિમીનલોના ધંધાને ચોરી છુપીથી સાયબર ચીટીંગ, સર્ફિંગ, હેંકીંગ વિગેરે મોટાપાયે થતા કેટલાક એપ્લીકેશન સર્ફિંગ કરનારને ફસાવવા મફતની ઓફર કરે છે. ટેકનોલોજીનો જાણકાર હોય કે પૈસાદાર પરંતુ તે મફત તરફ આકર્ષાય છે જે માનવ સ્વભાવ છે. જેનો લાભ સાયબર ક્રિમીનલો આસાનીથી ઉઠાવે છે. જે વ્યક્તિ મફતની ચીજ જોવા લલચાય અને ક્લિક કરે તરત જ સાયબ ક્રિમીનલના જાળમાં ફસાય જાય છે.

બેન્કોની લોન પાસ કરાવવાની જાહેરાત, ક્રેડીડ કાર્ડ માટેની ઓફર, જોબ ઓફર્સ, ફ્રેન્ડશીપ ઓફર જેવા મેલનો રાફડો ઈન્ટરનેટ ઉપર ફાટયો છે. સર્ફિંગ કરનાર દરેક જાણે છે કે હેન્કર્સ, કોન્ટેક્ટ ડિટેલ્સ વિગેરે પરથી હેન્કીંગ કરીને સર્ફિંગ કરનારને ફસાવે છે. વારંવાર લોકોને આ અંગેની ચેતવણી આપવા છતાં લોકો ભાન ભુલે છે અને લોભમાં હેકર્સની ટ્રેપમાં ફસાય છે.

સાયબર ક્રિમીનલ્સ જેમ ઈમેલનો ઉપયોગ કરે છે તેમ જ હવે એસબોસનો ઉપયોગ કરે છે. પેટીએમના અનેક એન્કાઉન્ટ બંધ હાલતમાં છે જે કેવાયસીના કારણે બંધ પડેલા છે. ડીજીટલ પોકેટ પીટીએમના વપરાશકારોની કમનસીબી એ છે કે કંપનીએ એકાઉન્ટ બંધ કર્યા બાદ તેમાં જમા રહેતી રકમ ગ્રાહકોના ખાતામાં પાછી જમા થતી નથી.

કેવાયસીના ડોકયુમેન્ટ ગ્રાહકોના લોકો પાસે હોય છે પરંતુ જમા કરાવવાનો સમય હોતો નથી પરંતુ પેટીએમના સંચાલકોએ લોકના પૈસા પાછા તેમના એકાઉન્ટમાં જમા નથી આપતા.

સાયબર ક્રિમીનલ પાસે પેટીએમના ગ્રાહકોના ડેટા આવી ગયા હોય એમ લાગે છે. સાયબર ક્રિમીનલ દરેકને એસએમએસ મોકલીને જણાવે છે કે તમારૂ પેટીએમ એકાઉન્ટ બંધ કરાયુ છે જે ચાલુ કરવા ઈચ્છતા હોવ તો સંપર્ક કરો, લોકડાઉનમાં ફસાયેલા લોકો પોતાનું એકાઉન્ટ ફરી રીઓપન કરાવવા મેસેજમાં આવેલા ફોન નંબર ઉપર ફોન કરે છે અને ટ્રેપમાં ફસાઈ જાય છે.

ગ્રાહક ફોન કરે એટલે તે ફોન થી ઉપાડતા અને પછી થોડા સમય પછી સામેથી ફોન કરે છે અને ક્રિમીનલ આ ફોનને સ્પીકર ઉપર રાખવા કહે છે ત્યારબાદ તે પેટીએનને ફરીથી ઈન્ટોલ કરવા જણાવે છે ત્યાંથી તે આગળ વધીને લોકોના મોબાઈલનો ડેટા ચોરી લે છે.

આમ કરવાથી સાયબર ક્રિમીનલના હાથમાં તમારા ફોનનો આખો ડેટા આવી જાય છે અને ગ્રાહકોને તે અષ્ટમપષ્ટમ સમજાવી તેના મોબાઈલ ઉપર કબજો લઈ લે છે માટે જ અજાણ્યા મેઈલ કે લીંક ઓપન ના કરવા માટે ચેતણવી અપાય છે. ફોન ભલે ગ્રાહકના હાથમાં હોય પરંતુ કાયમ માટે કબજો ક્રિમીનલના હાથમાં આવી જાય છે. આ રીતે હેન્કર્સ હંમેશા જાળ બીછાવી બેઠતા હોય છે જેમાં લોભી, ભોળા માણસો ફસાતા વાર લાગતી નથી.

એક ગ્રાહકને જયારે ઓપરેટરે ફોન સ્પીકર ઉપર રાખવા જણાવતા તે સમજી ગયો હતો કે સામે પેટીએમનો ઓપરેટર નથી પણ કોઈ ક્રિમીનલ છે. ગ્રાહકને અચાનક આવેલ સુઝ બુધ્ધીને કારણે તે બચી જાય છે. પરંતુ દરેક ગ્રાહકોમાં વી સુઝ બુધ્ધ હોતી નથી અને ક્રિમીનલ આવા લોકોને ફસાવી મનમાની કરે છે.

સર્ફિંગ કરનાર હંમેશા પોતાની સ્માર્ટનેસનો ભોગ બને છે અને સર્ફિંગ કરતા નવોદિત હેન્કર્સની જાળમાં ફસાય છે. આવુ માત્ર સામાન્ય માણસો જોડે નથી બનતું પરંતુ સાયબર નિષ્ણાંત વેબસાઈડ ડેવલોપર્સ અને આઈટી નિષ્ણાંતો પણ ભોગ બને છે.

ઓલેકસ ઉપર થતી છેતરપીંડી સાથે લોકો વારંવાર જાગૃત કરાય છે. પરંતુ શેઠની શીખામણ ઝાંપે સુધી જેવો ઘાટ જોવા મળે છે. ઘણીવાર અસ્લીલ વેબ ઉપર આવી માયાજાળ રચાય છે. સર્ફિંગ કરનાર પોતાની જાતને બહુ સ્માર્ટ સમજતા થયા છે અને સામાવાળાને છેતરવાની લાયમાં પોતે છેતરાય જાય છે.

નવરાશની પળોમાં સર્ફિંગ કરતા ખાસ ધ્યાનમાં રાખવા જેવી બાબત એ છે કે નવી અને અજાણી વેબસાઈડ ઉપર કે નવા અજાણ્યા મેલને ખોલવાનો પ્રયત્ન કરવો નહિ કે લીંક ઓપન ના કરવી તેમજ પેટીએમને રીઓપન કરી બચેલા નાણા પાછા મેળવવા જતા ક્યારેક આખા ખાતાના નાણા ક્રિમીનલો સફાચટ કરતા હોય છે.

લોકડાઉનમાં નવરાશની પળો લોકો વેબસાઈડ ઉપર સર્ફિંગ કરતા હોય તેમાં સાયબર ક્રાઈમમાં રેટમાં વધારો થતો ગયો છે. સાયબર ક્રિમીનલોને ઘી કેળા છે. નવરો બેઠો નખોદ વાળે તે પ્રતિ આમા કામે લાગે છે અને લોભે લક્ષણ જાય તે મોવૃત્તિનો શિકાર બનતો જાય છે.

જવાનીમાં જ આફતનાં અનેરાં ઝેર પી લીધાં, હવે શું આવશે એથી ભયંકર ? જોઈ લેવાશે!

WhatsApp ઑફ ધી વીક

નેહલ ગઢવી

થવાં દે થાય તે, અમને નથી ડર, જોઈ લેવાશે !
જવાની પર ભરોસો છે સદંતર, જોઈ લેવાશે !
જવાનીમાં જ આફતનાં અનેરાં ઝેર પી લીધાં,
હવે શું આવશે એથી ભયંકર ? જોઈ લેવાશે !

'કોરોના' વાયરસ સામેની લડતનો આ સમય સમગ્ર વિશ્વ માટે એક ચિંતાનો વિષય છે. આપણે સૌ જાણીએ છીએ કે આ પરિસ્થિતિ અત્યંત ગંભીર છે અને બધું જ પહેલાં જેવું નોર્મલ થવામાં કેટલો સમય લાગશે તે બાબત અત્યંત અનિશ્ચિત છે. આપણે સૌ અત્યારે એક ઈતિહાસના પાને દર્દસભર રીતે લખાનારી એક અસાધારણ ઘટનાને જીવી રહ્યા છીએ. જેમ આઝાદીની લડત વખતની કરુણ યાદો, સુનામી અને ભૂકંપ જેવી કુદરતી આફતોમાં બનેલી દર્દનાક ઘટનાઓ ઈતિહાસમાં લખાઈ તેમ આ જંગ વિશે પણ આવનારી કેટલીય પેઢીઓ વાંચશે અને વિચારશે. અલબત્ત, આ બધી વાતો ભૂતકાળ ભને ભવિષ્યકાળની છે. વર્તમાનાં આપણે આ જે કંઈ પરિસ્થિતિનો સામનો કરી રહ્યા છીએ તેમાંથી કઈ રીતે સ્વસ્થ રહી શકીશું એ જ અગત્યની બાબત છે.

આજના યુવાને આ સંકટભરી સ્થિતિમાં ખૂબ મજબૂત બની પોતાનું, પોતાના પરિવારનું અને પોતાના સમાજનું તેમજ પોતાના રાજયનું વિશેષ ધ્યાન રાખવાનું છે. પોતે જવાબદાર અને જાગૃત નાગરિક બની આસપાસના અન્ય લોકોને પોતાનાથી થાય તે રીતે શક્ય હોય તેટલી મદદ કરવાની છે. જરુર પડ્યે એક મા બની પરિવારના માટે રસોઈ અને ઘરકામમાં મદદ કરી મમ્મી, દાદી, બહેન વગેરેને થોડો આરામ આપવાનો છે. છાપું ન આવે તો અકળાઈ જતા દાદાને ઓનલાઈન સમાચાર વાંચતા શીખવવાનું છે. મંદિરે ન જઈ શકતા દાદીમા પાસે બેસીને રામાયણ કે ભાગવદ્ ગીતાના અધ્યાય વાંચી સંભળાવવાના છે. ઘરના નાના-નાના બાળકો સતત ચાલી રહેલા કોરોનાના સમાચાર સાંભળીને ડરી ન જાય તે માટે તેમને અન્ય રમતો રમાડીને ફ્રેશ કરવાના છે. વોટ્સએપ કે ઈન્સ્ટાગ્રામ પર આડેધડ અફવાઓને વેગ આપતાં મેસેજીસને અટકાવવાનો પ્રયાસ કરવાનો છે. કોઈ સામાજિક સંસ્થાઓ દ્વારા ચાલી રહેલા રાહતકાર્યોમાં પોતાનો યથાશક્તિ સહકાર આપવાનો છે. આપણો દેશપ્રેમ દર્શાવવાનો આથી વધુ શ્રેષ્ઠ સમય બીજો કોઈ હોઈ શકે ?

૧૫મી ઓગસ્ટ કે ૨૬ મી જાન્યુઆરી આવે ત્યારે જ શું દેશપ્રેમ એની સુષુપ્ત અવસ્થામાંથી થોડીક ક્ષણો માટે બહાર આવે ? દેશપ્રેમ શું માત્ર એક ક્ષણભંગુર આવેશથી થતો ટૂંકજીવી વિસ્ફોટ છે ? કે આપણાં વ્યક્તિત્વ અને ચારિત્ર્ય સાથે મજબૂત રીતે હંમેશની વણાઈ ગયેલી લાગણી છે? 'હું સાચું જ બોલું છું.' એવા નારાઓ લગાવવા કરતાં સત્ય બોલવું એ જ અગત્યનું છે. મા ભારતી અને તેનાં બધાં જ સંતાનો પ્રત્યેના તમારા રોજિંદા જીવનમાં, કાર્યમાં એવા તો સ્વાભાવિક રીતે આચરણમાં મૂકવાના હોય કે એ તમારા ચારિત્ર્યનો હિસ્સો બની જાય, તમને ખુદને પણ એવું મહેસૂસ ન થવું જોઈએ કે દેશ માટે તમે કોઈ મોટો વાઘ મારી રહ્યા છો. એનું પ્રદર્શન ન જ કરાય. એ તદ્દન સહજ અને સ્વાભાવિક હોવું જોઈએ.

આપણા સૌના માટે દેશભક્તિ દર્શાવવાનો અને દેશ માટે કંઈક (કંઈ પણ સાવ નાનામાં નાની બાબત હોય તો પણ) કરી છૂટવાનો સમય છે. દેશભક્તિ એક નાગરિકના જીવનના તાણાવાણા સાથે વણાઈ ગયેલી લાગણી છે, તે બનાવતી અને દંભી ન જ હોવી જોઈએ. સમગ્ર વિશ્વ પર આજે આ જે સંકટ તોળાઈ રહ્યું છે તેમાં પોતે પોતાના દેશ માટે શક્ય હોય તેટલું કરવું એ દેશના દરેક નાગરિકની, દરેક યુવાનની ફરજ છે. આવા સમયમાં કોઈ પણ યુવાન બેદરકાર કે બેજવાબદાર વર્તન કરે તે બિલકુલ ચલાવી જ ન લેવાય તેવી બાબત છે. તો આવો, સૌ સાથે મળીને આ સંકટમાંથી બહાર આવી શકાય તેના માટે કટિબદ્ધ બનીએ!

Last Seen :

કતારમાં આપણી પાછળ ઊભેલા વ્યક્તિને
ક્યારેક આપણી આગળ જવા દઈએ.

- nehalgadhavi101@gmail.com

દેશના ભાગ્યવિધાતાઓ ભણવા કરતાં ગણવામાં વધુ તેજસ્વી

અતિતની આજ

ડૉ. હરિ દેસાઈ

ફરી ફરીને પ્રજાને આઝાદીના જંગનું સ્મરણ કરાવવાની જરૂર છે. જે પ્રજા પોતાનો ઈતિહાસ ભૂલે છે એ વર્તમાન અને ભવિષ્યને ઉજ્જવળ બનાવી શકાતી નથી. હા, માત્ર ઈતિહાસમાં જ રમમાણ રહેવાથી ભવિષ્ય ઉજ્જવળ નહીં બને. ઈતિહાસને સાચા સ્વરૂપે સમજીને ઉજ્જવળ ભવિષ્યની ઈમારતનું નિર્માણ થઈ શકે. ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામની વાત આવે ત્યારે કેટલાંક વિરાટ વ્યક્તિત્વો આપણી નજર સામે તગે છે. એમનો વાસ્તવિક પરિચય ઘણીવાર નવી પેઢીને કરાવવો અનિવાર્ય બની જાય છે.ક્યારેક એવું પણ બને છે કે અમેરિકી રાષ્ટ્રપતિ બિલ કિલન્ટન અને એમની ટ્રેની મોનિકા લેવેન્સ્કીના પ્રકરણની જાણકારી ધરાવનાર અમારાં પત્રકારત્વનાં અંગ્રેજી માધ્યમનાં અનુસ્નાતક વિદ્યાર્થીઓને ગુજરાતના મુખ્યમંત્રીઓ વિશે જાણ ના હોય એવું પણ બન્યું છે. એવું પણ નથી કે માત્ર વિદ્યાર્થીઓને જ હકીકતોની જાણ ના હોય, મોટેરાં પણ કેટલીક હકીકતોથી અજાણ હોય છે અને એમનો ખાલીપો વોટ્સઅપ યુનિવર્સિટી ભરે છે! રાષ્ટ્રપિતા બેરિસ્ટર મોહનદાસ કરમચંદ ગાંધી પોરબંદરમાં જન્મ્યા હતા ૨ ઓક્ટોબર ૧૯૬૯ના રોજ. બેરિસ્ટર વલ્લભભાઈ પટેલનો મનાવાતો જન્મદિવસ છે ૩૧ ઓક્ટોબર ૧૮૭૫, ભલે એ જન્મ્યા હોય ૧૮૭૬માં નડિયાદમાં. બહુ ઓછા નેતાઓ પોતાની જન્મતારીખ નક્કી કરવા જેટલા સ્વાવલંબી હોય છે. સરદારે ૧૮૯૭માં મેટ્રિકની પરીક્ષા માટેનું ફોર્મ ભર્યું ત્યારે ૩૧ ઓક્ટોબર ૧૮૭૫ ''ઠોકી દીધેલી''. બે ટ્રાયલે મેટ્રિક પાસ કરી. મોટાભાઈ અને ભારતીય રાષ્ટ્રીય ધારાસભાના પ્રથમ હિંદી પ્રમુખ ચૂંટાયેલા બેરિસ્ટર વિઠ્ઠલભાઈ પટેલ પણ બે ટ્રાયલે મેટ્રિક થયેલા. એમ તો પાકિસ્તાનના રાષ્ટ્રપિતા બેરિસ્ટર મોહમ્મદ અલી ઝીણા પણ જન્મતારીખ નક્કી કરવામાં સરદારની જેમ જ સ્વાવલંબી ખરા. મૂળ ઠક્કર અટકને બદલે એમણે પિતાના નામનું સંક્ષિપ્ત કરીને અટકમાં પણ સ્વાવલંબી થવાનું પસંદ કર્યું હતું. એ કરાંચીના મદરસામાં ભણવા બેઠા ત્યારે નોંધાયેલી જન્મતારીખ ૨૦ ઓક્ટોબર ૧૮૭૫ને બદલીને એમણે નાતાલના પ્રભાવમાં લંડનમાં બેરિસ્ટરીમાં પ્રવેશ વખતે ૨૫ ડિસેમ્બર ૧૮૭૬ કરી દીધી હતી.મેટ્રિક નહીં થયેલા મૂળ કાઠિયાવાડના મોટી પાનેલીના બેરિસ્ટર ઝીણા સામે બેરિસ્ટર ગાંધી મેટ્રિકમાં થર્ડ ક્લાસના એટલેકે ૩૯ % લાવીને પાસ થયેલા હતા. દેશના ભાગ્યવિધાતાઓ ભણવા કરતાં ગણવામાં તેજસ્વી હોય છે. અત્યારના નેતાઓની દ્રષ્ટિએ ગણવાનું એટલે કદાચ નાણાં ગણવાનું લેખાતું હશે!

ગાંધી-સરદારની સાદગી સામે સાહ્યબી

દેશના મહાન સપૂત અને વિશ્વને શાંતિ અને અહિંસાનો સંદેશ આપીને આજે પણ માર્ગદર્શન કરનારા તેમ જ નોબેલ પારિતોષિક માટે ચાર-ચાર વાર નામનિયુક્ત થયા છતાં એનાથી વંચિત રહ્યા પછી પણ નોબેલ પારિતોષિકની સત્તાવાર વેબસાઈટ પર સૌથી વધુ ચર્ચાસ્પદ રહેલા મહાત્મા ગાંધીનું સાર્ધ શતાબ્દી વર્ષ ઉજવીને પાવન થવાનો અવસર હજુ હમણાં જ ગયો છે.મહાત્માના અહિંસા અને હૃદયપરિવર્તનના માર્ગનું દેશવાસીઓ અનુસરણ કરે તો સમગ્ર દેશની શકલ બદલાઈ શકે. ''પરોપદેશે પાંડિત્યમ્ સર્વેષામ્ સુકુરમ્ નૃણામ્'' (અન્યોને ઉપદેશ કરવામાં મણા કાં રાખવી?) જેવી ઉક્તિને સાર્થક કરવા માટે નવ-ગાંધીવાદી ઉપદેશકોના મારાને બદલે મહાત્માના વિચારોને સાચા અર્થમાં આચરણમાં મૂકીને દેશને નવપલ્લવિત કરાય તો જ ગનીમત. સરદાર પટેલને ભારતરત્ન વહેલો ના અપાયો એનાં રાજકારણ ખેલનારાઓ વલ્લભભાઈની સાદગી અને સચ્ચાઈથી જોજન દૂર ભાસે છે. એ પાછા સ્વાતંત્ર્યવીર સાવરકરને ભારતરત્ન આપવાનું ચૂંટણીસભાઓમાં ગજવે છે ખરા, પણ મહાત્મા ગાંધીને ભારતરત્ન આપવાની વાત કરવામાં એમનાં મોઢાં સિવાઈ જાય છે. પ્રજા સુપેરે જાણે છે કે ગાંધીજી કે સરદાર પટેલને નોબેલ કે ભારતરત્ન આપવામાત્રથી એ મહાન વિભૂતિઓની નહીં, પણ એ એવોર્ડની પ્રતિષ્ઠા વધે. એમને આવા એવોર્ડ મળે કે ના મળે, એની ખેવના હતી જ ક્યાં? વર્તમાન સમયગાળાના નેતાઓ પોતાનું રાજકારણ ચમકાવવા આ મહાન વિભૂતિઓની આડશ લે છે. એટલે જ તો સરદાર અને ગાંધીની સાદગી અને વિચારોને અપનાવીને વર્તમાન શાસકો પ્રજાના વિશાળ હિતમાં શાસન કરે એવું અપેક્ષિત લેખાય.

- **ગાંધીજી કે સરદાર પટેલને નોબેલ પારિતોષિક કે ભારતરત્ન મળે કે ના મળે એની ખેવના નહોતી**
- **બિરલાએ પૂછ્યું: ભારતને હિંદુરાષ્ટ્ર જાહેર કરીશું?ને? સરદાર કહે : "હિંદુરાષ્ટ્ર પાગલોં કા ખયાલ હૈ."**
- **ગાંધીજી સાથે મતભેદો પછી પણ નેતાજી સુભાષચંદ્ર બોઝે તો મહાત્માને રાષ્ટ્રપિતા ગણાવ્યા હતા**
- **સરદારની ભવિષ્યવાણી હતી કે પાકિસ્તાન બન્યું તો ખરું,પણ એ ભવિષ્યમાં ભારત સાથે મળી જશે**

હિંદુરાષ્ટ્ર તો પાગલોનો ખ્યાલ

સરદારને ઘણા હિંદુવાદી ઠરાવવાનો પ્રયાસ કરે છે, પણ એ ખરા અર્થમાં રાષ્ટ્રવાદી અને હિંદુસ્તાનવાદી હતા. મુસ્લિમોને પાકિસ્તાન આપવાનું નક્કી થયા પછી ઉદ્યોગપતિ એમ.પી.બિરલાએ વલ્લભભાઈને પૂછ્યું કે હવે તો ભારતને આપણે હિંદુરાષ્ટ્ર જાહેર કરીશું?ને? સરદાર ગિન્નાયા. કહે : ''હિંદુરાષ્ટ્ર પાગલોં કા ખયાલ હૈ. આ દેશ હિંદુઓ, મુસ્લિમો, શીખો, પારસીઓ, જૈનો સહિતના એ બધાયનો છે.'' ઝીણા ભણી એમને ખૂબ અણગમો હતો.એમની માંગણીને સડતા અંગ તરીકે લેખાવવાનું એ પસંદ કરતા. ''સડતા અંગને કાપીને ફેંકી દેવું પડે છે'', એવું કહેનાર સરદાર પટેલે તો છેક ડિસેમ્બર ૧૯૪૬માં જ ભારતના ભાગલા માટેનું મન બનાવી લીધું હતું. ઝીણાની મુસ્લિમ લીગ સાથે વચગાળાની સરકાર ચલાવવામાં ત્રસ્ત એવા સરદારે, પંડિત નેહરુ પણ જયારે માઉન્ટબેટનની ભાગલાની યોજના વિશે સંમતિ આપવામાં સંકોચ અનુભવતા હતા અને ગાંધીજી દૂર નોઆખલીમાં હિંદુ-મુસ્લિમ રમખાણોના ઘા ભરવાના પ્રયાસોમાં વ્યસ્ત હતા ત્યારે જ, નેહરુને ભાગલા સ્વીકારવા લીલી ઝંડી આપી દીધી હતી. બાપુના બંને શિષ્યોએ જીભ કચરી જ દીધી હતી એટલે ''મારો દેહ પડે તો પણ ભાગલા તો નહીં જ'' અને છેવ